# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 04-08-2024 Evening : 7.50 to 8.00 PM
Day : SUNDAY National News

આકાશવાણી- સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફીજી, ન્યૂઝીલેન્ડ્સ અને તિમોર લેસ્તેના ત્રણ દિવસના પ્રવાસે
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇન્ડિયા બ્લૉક પર આકરા પ્રહારો કરતાં કરતા કહ્યું કે તેમણે 2029માં પણ વિપક્ષમાં બેસવાની તૈયારી રાખવી જોઈએ
- બાંગ્લાદેશમાં દેખાવકારો દ્વારા અપાયેલ રાષ્ટ્રવ્યાપી અસહકાર આંદોલન દરમિયાન હિંસક અથડામણોમાં 20થી વધુના મોત
- આગામી 24 કલાકમાં પૂર્વીય ભારત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- પેરિસ ઓલિમ્પિકની હોકી સ્પર્ધામાં ભારતીય ટીમે બ્રિટનને હરાવી સેમિફાઇલનમાં સ્થાન મેળવ્યું

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT TOUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ત્રણ દિવસ માટે ફિજી, ન્યૂઝીલેન્ડ્સ અને તિમોર લેસ્તેના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ દ્વીપક્ષીય બેઠકોમાં ભાગ લેશે. સાથે જ ભારતીય પ્રવાસીઓ સાથે મુલાકાત કરશે.

ભારતના રાષ્ટ્રપતિનો આ પ્રથમ ફિજી અને તિમોર લિસ્તે પ્રવાસ છે. એક અવાડિયાના પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ મૂર્મુ આ દેશો સાથે ભારતના સંબંધોને મજબૂત અને વિસ્તારિત કરવા માટે દ્વીપક્ષીય બેઠક કરશે. આ ત્રણેય દેશોમાં ભારતીય પ્રવાસીઓ સાથેના જોડાણ અને સંબંધો આ પ્રવાસના કેન્દ્રમાં રહેશે. પ્રવાસનો હેતુ ત્રણેય દેશ સાથે દેશના ઐતિહાસિક સંબંધોને મજબૂત બનાવવા અને એક્ટ ઇસ્ટ નીતિ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાની દર્શાવાનો છે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇન્ડિયા બ્લૉક પર આકરા પ્રહાર કરતા કહ્યું કે તેમણે 2029માં પણ વિપક્ષમાં બેસવાની તૈયારી રાખવી જોઈએ. શ્રી શાહે ચાંદીગઢ સ્માર્ટ સિટી મિશનની શરૂઆત કરાવતા ન્યાય સેતુ પાણી પુરવઠા પ્રોજેક્ટના ઉદ્ઘાટન સમારોહને સંબોધન કરતા આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરાહના કરતા 2029ની લોકસભા ચૂંટણીમાં એનડીએની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વિપક્ષ પર આકરા પ્રહારો કરતાં અમિત શાહે કહ્યું કે ઇન્ડિયા બ્લૉકનો હેતુ અસ્થિરતા ઊભી કરવાનો છે, વધુમાં તેમણે જણાવ્યું કે વિપક્ષમાં કેવી રીતે કામ કરવું તે તેમણે શીખવું જોઈએ.

આ પ્રસંગે બોલતા શ્રી શાહે જણાવ્યુ કે જેઓ અરાજકતા ફેલાવવા માગે છે તેઓ કહે છે કે આ સરકાર કાર્યકાળ પૂરો નહીં કરે, પણ હું ખાતરી આપું છું કે આ સરકાર કાર્યકાળ પૂરો પણ કરશે, અનેપછીની ટર્મમાં પણ ચૂંટાઈને આવશે.

# AAP SUNITA

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પત્ની અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સુનિતા કેજરીવાલે ભારતીય જનતા પક્ષ સામે ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે એક નિવેદનમાં કહ્યું કે ભાજપ સરકારે કાવતરું ઘડીને તેમના પતિને જેલમાં મોકલી દીધા.

શ્રી સુનિતાએ કહ્યું કે તેમનો ગુનો એટલો જ હતો કે તેઓ ગરીબો માટે કામ કરી રહ્યા હતા, તેમણે સારા શિક્ષણ, અને સારી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આપ નેતાએ હરિયાણાં આમ આદમી પાર્ટીની સરકાર બનાવવા માટે લોકોને અપીલ કરી છે. સુનિતા કેજરીવાલ ફરીદાબાદમાં નવા અનાજ બજારના કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા.

# KEDARNATH YATRA RESCUE

કેદરનાથ યાત્રા માર્ગ પર આજે સતત ચોથા દિવસે NDRF સહિત અન્ય સુરક્ષા દળોની મદદથી બચાવ કામગીરી હાથ ધરાઈ. આ માર્ગ પર ફસાયેલા 373 શ્રદ્ધાળુઓને બચાવીને લિનચોલી મોકલવામાં આવ્યા હતા. આ શ્રદ્ધાળુઓને લિનચોલીથી એરલિફ્ટ કરાશે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર કેદારનાથ હેલીપેડ પર હજી પણ 570 શ્રદ્ધાળુઓ, સ્થાનિક લોકો તેમજ મજૂરો એર લિફ્ટ માટે રાહ જોઈ રહ્યા છે.

સ્થાનિક વહીવટી તંત્ર તેમજ સ્વંયસેવી સંસ્થાઓ દ્વારા લોકોને ફૂડ પેકેટ્સ્, પાણીની બોટલ અને ફળોનું વિતરણ કરાયું હતું. આ તરફ રામબાડા નજીક NDRF અને SDRFએ 110 શ્રદ્ધાળુઓને રેસ્ક્યૂ કરીને ચૌમાસી મોકલવામાં આવ્યા હતા. અત્યાર સુધી આ રૂટ પર 500થી વધુ શ્રદ્ધાળુઓ તેમજ સ્થાનિક લોકોને બચાવાયા છે.

# HIMACHAL CLOUD BRUST

હિમાચલ પ્રદેશમાં ગુરુવારે વિનાશક વાદળ ફાટ્યા બાદ રામપુરના સમેજમાં બચાવ અને શોધ અભિયાન ચાલી રહ્યુ છે. ભારતીય સેના, NDRF, SDRF, હોમગાર્ડ અને CISFની ટીમોને અસરગ્રસ્ત વિસ્તારમાં પુનઃસ્થાપનના માટે તૈનાત કરવામાં આવી છે. રવિવારે, સેનાએ અલગ-અલગ વિસ્તારો વચ્ચે જોડાણ પુનઃસ્થાપિત કરવા માટે બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા કામચલાઉ પુલ બનાવ્યા છે.

રામપુરના એસડીએમ નિશાંત તોમરે જણાવ્યું હતું કે સરપરા ગામમાં રસ્તાના સમારકામની કામગીરી ચાલી રહી છે. અસરગ્રસ્ત પરિવારોને અનાજનો પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. લોકોને નદીઓ અને નાળાઓની નજીક ન જવા માટે કહેવામાં આવ્યું છેહાલમાં પાંચ જેટલા જેસીબીને કામે લગાડવામાં આવ્યાં છે..

# INDIA WEATHER

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં દેશના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જે અનુસાર સિક્કિમ, આસામ, દક્ષિણ બિહાર, ઝારખંડ, છત્તીસગઢના ઉત્તરીય વિસ્તારો, પૂર્વીય ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, કોંકણઅ ને ગોવા તેમજ તટિય કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી છે.

આ ઉપરાંત ગુજરાત, પૂર્વીય રાજસ્થાન, કેરળ, અરૂણાચલપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં હળવાથી મધ્યમ તો ક્યાંક ભારે વરસાદની શક્યતા છે.આ ઉપરાંત દેશના મોટાભાગના વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે.

# NON COOPERATION MOVEMENT _ BANGADESH

બાંગ્લાદેશમાં દેખાવકારો દ્વારા અપાયેલ રાષ્ટ્રવ્યાપી અસહકાર આંદોલન દરમિયાન રાજધાની ઢાંકા સહિતના કેટલાક વિસ્તારોમાં હિંસક અથડામણોમાં ઓછામાં ઓછા 20થી વધુના લોકોના મોત થયા છે. જ્યારે કેટલાક ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યા છે. સરકારે સાંજે 6 વાગ્યાથી ઢાંકા ઉપરાંતના અસરગ્રસ્ત વિસ્તારોમાં અનિશ્ચિત સમય માટે કર્ફ્યૂની જાહેરાત કરી છે. કોઈ પણ ઘડીએ ઇન્ટરનેટ સેવા બંધ કરી દેવાય તેવી શક્યતા છે. ઢાંકા સહિત અનેક વિસ્તારોમા આજે સવારથી જ દુકાનો, શાળાઓ અને ઑફિસો બંધ રહી હતી.

પ્રધાનમંત્રી શેખ હસિનાએ વિદ્યાર્થી સંગઠનો સામે વાટાઘાટોની રજૂઆત મૂકી હતી. જોકે વિદ્યાર્થીઓએ તે નકારી કાઢી છે. આ પૂર્વે પ્રધાનમંત્રી શેખ હસિનાએ સવારે રાષ્ટ્રિય સુરક્ષા સમિતિ સાથે બેઠક કરી હતી.  આ બેઠકમાં વિવિધ મંત્રાલયોના મંત્રી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, સચિવ, સૈન્ય, નૌકાદળ, વાયુદળ, બૉર્ડર ગાર્ડ્સ બાંગ્લાદેશ, પોલીસ અને તટરક્ષક દળોના પ્રમુખ ઉપસ્થિત રહ્યા. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશના કેટલાંક વિદ્યાર્થી સંગઠનોએ અનામતમાં સુધારાઓ, વિદ્યાર્થીઓની હત્યા, તેમજ તેમની પડતર પ્રશ્નોને લઈને પ્રધાનમંત્રીના રાજીનામાની માગ કરી રહ્યા છે.

# SHOBHANARANADE PASSED AWAY

પીઢ ગાંધીવાદી અને સામાજિક કાર્યકર શોભના રાનડેનું આજે પુણેમાં 100 વર્ષની જૈફ વયે અવસાન થયું હતું. તેમને 2001માં તેમના સામાજિક કાર્ય માટે પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રીમતી રાનડેએ નિરાધાર મહિલાઓ અને બાળકો માટે નોંધપાત્ર કાર્ય કર્યુ છે.

તેમણે આગા ખાન પેલેસ, પુણે ખાતે ગાંધી નેશનલ મેમોરિયલ સોસાયટી અને મહિલાઓ માટે તાલીમ સંસ્થાની સ્થાપના કરવામાં મદદ કરી હતી. તેમણે 'બાલ ગ્રામ' નામના બાળકોના ગામની સ્થાપના કરી અને સેંકડો અનાથ બાળકોને ઘર આશ્રય આપ્યો હતો. ગાંધી નેશનલ મેમોરિયલ સોસાયટી દ્વારા ગંગા નદીના પ્રદૂષણને રોકવા માટે સ્થાપિત ચળવળ, સેવ ગંગા ચળવળના પણ તેઓ  સક્રિય સભ્ય હતાં...

# BRITAIN VIOLENCE

બ્રિટનના સાઉથપોર્ટના મર્સીસાઇડમાં એક પાર્ટીમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ અહીં તણાવની સ્થિતિ સર્જાઈ છે. બ્રિટનમાં કટ્ટર દક્ષિણપંથી રાજકીય વિચારધારાના સમર્થકો દ્વારા ઇમિગ્રેશનના વિરોધમાં દેખાવો હિંસક થયાં બાદ ૧૦થી વધારે લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

આ પૂર્વે હલ, લિવરપૂલ, બ્રિસ્ટોલ, માનચેસ્ટર, બ્લેકપૂલ અને બેલફાસ્ટમાં દુકાનોને લુટવામાં આવી અને પોલીસ અધિકારીઓ પર પણ હુમલાઓ થયા હતા. સાઉથપોર્ટમાં છોકરીઓની હત્યાને લઈને સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાયા બાદ હિંસા વધુ ભડકી હતી જેમાં મોટાપાયે પોલીસકર્મીઓ ઘવાયા હોવાના અહેવાલ છે. બ્રિટનના વડાપ્રધાન કિએર સ્ટાર્મરે જણાવ્યું છે કે હિંસા ફેલાવવાનો પ્રયત્ન કરનાર ઉગ્રવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સરકાર પોલીસને સંપૂર્ણ સમર્થન આપશે.

# HOCKEY INDIA WIN

ભારતે પેરિસ ઓલિમ્પિક્સ 2024માં સેમિફાઇનલમાં  સ્થાન બનાવી લીધું છે.. ભારતે પેનલ્ટી શૂટઆઉટમાં ગ્રેટ બ્રિટનને હરાવ્યું હતું. મેચ નિયમિત સમયે 1-1થી સમાપ્ત થયા બાદ પેનલ્ટી શૂટઆઉટમાં પી.આર. શ્રીજેશે ગોલ કર્યો હતો.. અમિત રોહિદાસને રેડ કાર્ડ આપવામાં આવ્યા બાદ ભારત 10 ખેલાડીઓ સાથે રમી રહ્યું હતું.

શ્રીજેશે ગોલ બચાવ્યો હતો અને રાજકુમાર પાલે નિર્ણાયક ગોલ કરીને સતત બીજી ઓલિમ્પિક માટે અંતિમ ચારમાં ભારતનું સ્થાન નિશ્ચિત કર્યું હતુ. હરમનપ્રીત સિંહે રમતની શરૂઆતમાં 22મી મિનિટે ગોલ કરીને ભારતને સરસાઇ અપાવી દીધી હતી. હવે સેમિફાઇનલમાં ભારતનો મુકાબલો જર્મની અથવા આર્જેન્ટિનામાંથી એક સાથે થશે. પુરૂષ હોકીની બંને સેમિફાઇનલ 6 ઓગસ્ટે રમાનાર છે.

# PARIS OLYMPIC 1

ભારતીય યુવા બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેન, પેરિસ ઓલિમ્પિકની પુરુષ સિંગલ્સ બેડમિન્ટન સ્પર્ધાના ફાઇનલમાં જતા ચૂકી ગયા છે. સેમિફાઇનલમાં ડેનામાર્કના વિક્ટર એક્સેલસને લક્ષ્ય સેનને 22-20, 21-14થી હાર આપી હતી. લક્ષ્ય સેન અને ડેનામાર્કના ખેલાડી વચ્ચે મેચમાં જબરજસ્ત ટક્કર જોવા મળી. જોકે અંતે એક્સેલસને 22-20થી પ્રથમ ગેમ જીતી. બીજા રાઉન્ડમાં પણ લક્ષ્ય સેને સારી શરૂઆત કરીને લીડ મેળવી હતી,

જોકે તેઓ તેને જાળવી ન શક્યા અને 14-21થી હારનો સામનો કરવો પડ્યો. 22 વર્ષિય લક્ષ્ય સેન ભલે ફાઇનલ માટે ક્વૉલિફાય ન થયા, તેમની પાસે હજી પણ કાંસ્ય ચંદ્રક જીતવાની તક છે. આવતીકાલે તેઓ કાંસ્ય ચંદ્રક માટે મલેશિયાના જિયા લી સામે મેચમાં ઉતરશે. ઉલ્લેખનીય છે કે લક્ષ્ય સેન પહેલા ભાતીય પુરુષ બેડમિન્ટન ખેલાડી છે, જેઓ  ઓલિમ્પિક સેમિફાઇનલ મેચ રમ્યા.

# MP- NINE DIED

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં એક મંદિરમાં દિવાલ ધરાશાયી થતાં નવ બાળકોના મોત થયા, અને અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘવાયા હતા. શાહપુરના હરદૌલ બાબા મંદિરમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન આ દુર્ઘટના બની હતી. ઘાયલ બાળકોને બચાવીને હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

મુખ્યમંત્રી મોહન યાદવે બાળકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. સાથે જ મૃતકોના પરિવારજનો માટે ચાર લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી.

# INDIA VS SRI LANKA

ભારત અને શ્રીલંકા વચ્ચે બીજી વનડે મેચ કોલંબોના આર.પ્રેમદાસ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. મેચની શરૂઆતમાં શ્રીલંકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કરતા 9 વિકેટના નુકસાને 240  બનાવ્યા હતા. 241 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રોહિત શર્માના 64 રનની મદદથી ભારતે 15 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને  110 રન બનાવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો.